શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62



# પંચોલી નવયુગ

જુલાઈ - ૨૦૧૭ અંક - ૭
વર્ષ ૫૪ સળંગઅંક ૪૪૨
માસિક કિંમત-૧૦
વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : હિતેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# હાયકું

૧- કોણ કહે છે
અમે એકલાં ?
દુઃખ ખડા ચોપાસ.

૨-ગતિ સૂચક
ઘડિયાળનો કાંટો
પ્રગતીહીન.

૩-ચંદરમા ના
આંસૂ લૂછે સૂરજ
તડકો બની.

૪-સોણલું તવ
યાદ તણું સ્મરીને
હું મરી જાઉ.

૫-વિદાય ગાડી
ગઇ તે છોડી બાષ્પ
હવે આંખમાં.

૬-જોઇ નવોઢા
લજામણીનો છોડ
હસી પડે છે.

જીતેન્દ્રભાઇ સી. મિસ્ત્રી
અમદાવાદ

## પ્રાર્થના.....

કલ્પનામાં રચ્યુ હતું, એવું જીવન ન મળ્યું.
રચવું હતું મનમોહક, એવું કવન ન મળ્યું.

મંજિલ એવી કઠીન મળી, કે ઠોકરો જ નિરંતર મળી.
સહારો એનો મળશે, એ ધારણા બેઅસર મળી

નિરાશા ને ફગાવી દઇ, આશાનાં મિનારા રચ્યા.
કિંતુ ભાગ્યમાં કમનસીબી, ધારેલા મનોરથો તૂટયા.

તિમિરમાં દપિ પ્રગટાવી, કઠીન પંથે ચાલતા રહ્યા.
સમીરનાં સુસવાટા મહીં દપિ બુઝાયો, ઠોકરો ખાતા રહ્યા.

પરમ કૃપાળુન અંતિમ વિનંતી, પ્રાર્થના મુઝ સુણજો.
પ્રેમથી મુજ હાથ ઝાલી, સુની મંઝીલ ઉજાળજો..

હરીશભાઇ સી. પંચોલી-સુરત

# અનુકરણિય



સ્વ. હિરાલાલ ભીમભાઇ મિસ્ત્રી
તા. ૬.૯.૨૦૧૪

બિલીમોરા(અજરાઇ) નિવાસી સ્વ. હરીબેન તથા સ્વ. હિરાલાલ ભીમભાઇ મિસ્ત્રી તરફથી એમના અવસાન બાદ એમણે કરેલ વીલના આધારે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા નિરાધાર સહાય ફંડમાં રૂા. ૩૫,૦૦૦નું દાન મળ્યું છે.. તેઓના સ્વજનોનો હાર્દિક આભાર માનું છું.

મનિષભાઇ એમ પંચોલી-પ્રમુખ
રાજેશભાઇ ડી. પંચોલી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



સ્વ. હરીબેન હિરાલાલ મિસ્ત્રી
સ્વ. તા. ૨૩.૬.૨૦૧૫

# નિત્ય અમારા મનમાં... નિત્ય અમારા હૃદયમાં



**સ્વ.દિપકલાલ મગનલાલ જયોતિષભાસ્કર**

જન્મ:ભાદરવા વદ એકમ,વિ.સં:૧૯૯૯ તા.૨૪/૯/૧૯૪૧

પ્રયાણ:અષાઢ વદ સાતમ,વિ.સં:૨૦૭૨ તા.૨૬/૭/૨૦૧૬

આજે અમારાં સૌનાં હૈયે અને હોઠે છે એક જ પ્રાર્થના...

'જીવો અમારા હૃદયમાં, જીવો અમારા ચેતનામાં, તમે જીવો સદૈવ?સર્વદા'

## પ્રેમાળ સ્મૃતિમાં

| દિવ્યેશ મહેતા | ગં.સ્વ. મંજુલાબેન | હર્ષેશ મહેતા |
|---|---|---|
| ૯૧૭૩૫ ૭૨૩૫૫ | | ૯૮૨૫૫ ૪૬૬૯૭ |
| રશ્મિ ડી. મહેતા | | ભાવિકા એચ. મહેતા |
| ચિ. ધૈવત-ચૈતન્ય | | ચિ. તપસ્યા-મોક્ષ |

સમસ્ત મગનલાલ હરીભાઇ પરિવાર

**નિવાસ સ્થાન**

૧૦, 'શુભેચ્છા' ગુજરાત હાઉસીંગ બોર્ડ, કોલેજરોડ, બીલીમોરા

# તેજસ્વી તારલાઓ જોગ

માર્ચ/એપ્રિલ/મે-૨૦૧૭ દરમ્યાન લેવાયેલ S.S.C., H.S.C., I.T.I., P.T.C., A.T.D.,ગ્રેજયુએશન, ડિપ્લોમાં વિગેરે અંતિમવર્ષની પરીક્ષાઓના પરીણામો આવવાની શરૂઆત થઇ ગઇ છે. સફળ થયેલ સૌ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓને હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન....

S.S.C. અને H.S.C. મા **માર્કસીટ પાછળ પર્સન્ટાઈલના ટકા કરી લખી મોકલવા વિનંતી...**

- ❖ S.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ....
- ❖ H.S.C. માં **૬૦** % કે તેથી વધુ ગુણ મેળવનાર....
- ❖ I.T.I., P.T.C., A.T.D., તથા ડીપ્લોમા વિગેરે અંતિમ વર્ષની પરીક્ષામાં અને ગ્રેજયુએશન, પોષ્ટ ગ્રેજયુશનમાં કોઇપણ વર્ગમાં પાસ થયેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના ફોટોગ્રાફસ નવયુગમાં વિનામુલ્યે છાપવામાં આવે છે. તો ઉપરની શરત મર્યાદામાં આવતા સૌ સફળ વિદ્યાર્થી -વિદ્યાર્થીનીઓએ પોતાના પ્રમાણિત માર્કસીટની ઝેરોક્ષ ની પાછળ તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસની પાછળ પોતાનું પુરેપુરૂં સરનામું, મોબાઈલ નંબર, ધોરણ અને ટકા ની સંપૂર્ણ વિગતો લખીને તંત્રીશ્રીને મોકલવી ફરજીયાત છે. અપુરતી માહિતીવાળી તથા સમય મર્યાદા પછી આવેલ વિગતો ધ્યાનમાં લેવામાં આવશે નહી. જો આપ ફોટો મોકલવામાં મોડા પડયા હોય અથવા સમય મર્યાદા ચુકી ગયા હોય અને આપની ઇચ્છા હોય કે મારો ફોટો નવયુગમાં છપાવવો છે તો ફકત રૂા. ૧૫૦માં આપનો ફોટો પ્રકાશિત કરવામાં આવશે
- ❖ કે.જી, નર્સરી કે ધો.૧ થી ધો.૯ સુધીના તથા F.Y., S.Y., P.T.C., M.A.,પ્રથમવર્ષ, તથા અન્ય અભ્યાસક્રમમાં સફળ થયેલ ઉમેદવારનો ફોટો વિના મૂલ્યે છાપવામાં આવતો નથી. રૂા. ૧૫૦ ચાર્જ આપવાથી ફોટો તથા મેટર જાહેરાત સ્વરૂપે છાપવામાં આવશે.
- ❖ ફોટામાં સ્ટેપલર કે ટાંકણી મારશો નહી. કોલેજ કક્ષાની માર્કસીટની ઝેરોક્ષ તથા ફોટોગ્રાફસ જેમ જેમ રીઝલ્ટ આવે એ રીતે મોકલી આપવાની રહેશે. આપના ફોટોગ્રાફસ ઓગષ્ટમાસના નવયુગમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેશો.......
- ❖ **કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પણ ઓગસ્ટ માસમાં પ્રકાશિત કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી તા. ૧૫.૦૭.૨૦૧૭ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ માર્કસીટ સ્વીકારવામાં આવશે નહી....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

**વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...**
**વોટસઅપ કે ઈમેલ પર આવેલ માર્કસીટ ધ્યાનમાં લેવામાં આવશે નહી...જેની નોંધ લેવી**

માર્કસીટની ઝેરોક્ષ અને ફોટો મોકલવાનું સ્થળ
**દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**
૨/૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંકની પાછળ,
ઓ. બેક. રોડ, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨

# સ્વર્ણિમ ફંડ

**સ્વર્ણિમ ફંડને એક બીજુ વર્ષ પૂર્ણ થયું છે... જેમણે જે રકમ પાંચ વર્ષ માટે આપવાની સંમતિ દર્શાવી છે.. તેઓ આ વર્ષે સંમતિ દર્શાવેલ રકમ મોકલવા વિનંતી છે...**

મનિષભાઇ એમ. પંચોલી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

જુલાઈ-૨૦૧૭

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

## તંત્રી નોંધ.....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,
કુશળ હશો....
વરસાદ આવી ગયો....
ઉકળતા દિલને ઠંડક આપી ગયો....
તપેલી ધરતીને શાતા આપી ગયો....
ગયો તે ગયો... હવે ઉકળાટ આપતો ગયો...

આવુ છે વરસાદનું આવે તો ધૂમ આવે અને ન આવે તો ન જ આવે... એટલે આપણી એક કહેવત પડી છે કે 'વરસાદ અને વહુને જશ નથી મળતો'

જુન માસ આપણા માટે આનંદ નો રહ્યો... ગૌરવ સમાન રહ્યો... પ્રગતિના સમાચાર લાવનારો રહ્યો..

ચલામલી જેવા નાનકડા ગામનો ચિ. દીપ દિનેશભાઇ પંચોલી તો ચીથરે વીટયા રતન જેવા સાબિત થયા... કેટલી મોટી સિદ્ધિ..વિશ્વના સૌથી મોટા ઇન્ટરનેટ ક્ષેત્રમાં મોટુ નામ ધરાવતી ગુગલ કંપનીમાં ભારત દેશમાંથી ત્રણ એન્જીનીયર પૈકી એમના નામની પસંદગી થઇ. અમેરીકા મુકામે સાનફ્રાન્સીસકોમાં લોકલ ગાઇડ સમિટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે..એમની આ અજોડ સિદ્ધિ માટે તથા ભારત દેશને ગુજરાત રાજ્યને, ચલામલી ગામને, સમગ્ર પંચોલી સમાજને અને એમના માતા-પિતાને ગૌરવ અપાવવા બદલ હાર્દિક અભિનંદન પાઠવું છું અને એમની પ્રગતિને આંબવા આભ પણ ઓછું પડે એવી શુભેચ્છાઓ પાઠવું છું....

અમદાવાદ (રાજપીપલા) નિવાસી અને ચિત્રકલા ક્ષેત્રે એમનું સમગ્ર જીવન અર્પણ કરનાર સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયેન્દ્રભાઇ નટવરલાલ પંચોલી (જય પંચોલી)ને લલિતકલા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જેમાં સન્માનપત્ર અને રૂા. ૫૦,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે... જયેન્દ્રભાઇએ સમગ્ર પંચોલી સમાજને ગૌરવ અપાવ્યું છે... જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે...

હવે શ્રાવણમાસનું આગમન થશે... ભકિતના ઘોડાપુર ઉમટશે.. સાથે સાથે ભવનું ભાથુ બાંધવા દાનનો પ્રવાહ પણ ઉમટશે..તો સાથે સાથે આપણા આ નવયુગ મંદિરમાં પણ યથાશકિત દાન જરૂરથી આપશો અને અપાવશો...

**નવયુગની નીચે જણાવેલ યોજનામાં જોડાવા હાર્દિક અપીલ કરું છું.. નવયુગ શુભેચ્છક :** રૂા. ૧૫,૫૫૫/-
**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
તથા દરેક નાના મોટા એકમોની પણ સહાય મળશે એવી આશા રાખું છું......................... અસ્તુ.

# પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

ઉનાળાના ધગધગતા તાપમાંથી છુટકારો મેળવીને વર્ષાઋતુને માણવા સૌ જ્ઞાતિજનો થનગની રહ્યા હશો. વિદ્યાર્થી મિત્રો પણ પોતપોતાના અભ્યાસ ક્રમમાં જોડાય ગયા હશે..

બોડેલીના ચલામલી ગામના ચિ. દીપ દિનેશભાઇ પંચોલી વિશ્વના સૌથી મોટા ઇન્ટરનેટ ક્ષેત્રમાં મોટુ નામ ધરાવતી ગુગલ કંપનીમાં ભારત દેશના ત્રણ એન્જીનિયર પૈકી ગુજરાતના એક માત્ર એન્જીનિયર તરીકેની પસંદગી થઇ છે. તેઓ અમેરીકાના સનફ્રેન્સીસ્કો ખાતે તા. ૧૧, ૧૨, ૧૩ ઓકટોબર-૨૦૧૭ના રોજ લોકલ ગાઇડ સમિટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ સિદ્ધિ બદલ તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું તેઓ સામાજ સાથે ભારત દેશનું નામ પણ રોશન કરે એવી પ્રભુ પ્રાર્થના.. સમગ્ર સમાજ વતી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

અમદાવાદ (રાજપીપલા) નિવાસી પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયેન્દ્રભાઇ નટવરલાલ પંચોલી (જય પંચોલી)ને લલિતકલા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. જયેન્દ્રભાઇએ સમગ્ર પંચોલી સમાજને ગૌરવ અપાવ્યું છે... જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે...

રાજપીપલા નિવાસી સ્વ. રમણબેન તથા સ્વ. જયંતિલાલ અંબાલાલ મપારાના સ્મરણાર્થે તેઓશ્રીના પરિવારજનો તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને સ્વર્ણિમ ફંડમાં દર વર્ષે રૂા. ૩૦૦૧ પ્રમાણે પાંચ વર્ષના રૂા. ૧૫,૦૦૫ની રકમ ભેટમાં મળી છે.. એમના પરિવારજનોને હાર્દિક અભિનંદન પાઠવું છું.

બિલીમોરા(અજરાઇ) નિવાસી સ્વ. હરીબેન તથા સ્વ. હિરાલાલ ભીમભાઇ મિસ્ત્રી તરફથી એમના અવસાન બાદ એમણે કરેલ વીલના આધારે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા નિરાધાર સહાય ફંડમાં રૂા. ૩૫,૦૦૦નું દાન મળ્યું છે.. તેઓના સ્વજનોનો હાર્દિક આભાર માનું છું.

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/- નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ.. જેમણે સ્વર્ણિમ ફંડમાં ૫ વર્ષ માટે રકમ નોંધાવી હોય તેમણે આ વર્ષની રકમ મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જમા કરાવવા વિનંતી. અસ્તુ.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC**
**Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC**
**code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર



ચિ.જેસિકા વિમલકુમાર પંચોલી
તા. ૨૦.૦૬.૨૦૧૬

# હેપી બર્થડે.....ટુ જેસિકા

તુમ જીયો હજારો સાલ
સાલ કે દિન હો પચાસ હજાર....

જન્મ દિવસની
હાર્દિક શુભેચ્છાઓ સહ...
શુભાશિષ

**શુભેચ્છક**
મુકંદભાઈ ધીરજલાલ પંચોલી
રેખાબેન મુકુંદભાઈ પંચોલી
વિમલ મુકુંદભાઈ પંચોલી
નિતિષા વિમલ પંચોલી
ચિ. હેરી વિમલ પંચોલી
યુ.એસ.એ.

# હાર્દિક અભિનંદન.....

અમારી લાડલી
**પલક**
ને ભારતનાટ્યમ્ 'વિશારદ'ની
પદવી મળી એ બદલ
**હાર્દિક અભિનંદન...**
**સહ શુભાશીષ**

સ્વ. ચંપકદાદા - સ્વ. શારદાબા
ભરત પપ્પા - આનંદી મમ્મી
નિરવ જીજા - નિધિ દીદી
હરીશકાકા - રેખા કાકી
કનુ ફુવાજી - ચંદ્રિકા ફોઈ
ચંપકનાના - સ્વ. સવિતાનાની
ચિ. દિઆ
'કેવલકૃપા' સ્નેહકુંજ કોલોની, વ્યારા.
મો. ૯૪૨૯૭ ૭૨૨૯૪



કુ. પલક ભરતભાઈ પંચોલી

# શ્રધ્ધાંજલી



**સ્વ. શાંતાબેન જયંતિલાલ પંચોલી**
**સ્વર્ગવાસ તા. : ૨૧.૦૫.૨૦૧૭**

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભકિત હતી
એવા પૂજ્ય બાને અમારા સૌની
સ્મરણાંજલિ..

**અર્પણકર્તા**

ભારતિ મિસ્ત્રી - હેમંતકુમાર મિસ્ત્રી
મૃદુતા પંચોલી - પ્રતિકકુમાર પંચોલી
શ્વેતા મિસ્ત્રી - સોહિલકુમાર પંચોલી

૨૦૧, 'ગુરૂ સ્મૃતિ', સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપીંગ સેન્ટર પાછળ,
પાર્લે પોઈન્ટ, સુરત ૩૯૫ ૦૦૭

# એડમીશન-૨

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી.

-ભાભીજી, કામ પડે ત્યારે અવાજ કરજો, બંદા અડધી રાત્રે ય ઉઠીને તમારું કામ પતાવી આવે એવા છે.

(વચનેશું કીમ દરીદ્રતામ ?- બોલવામાં આપણા બાપાનું શું જાય છે ?), આવું કહેનારા પતિના મિત્ર, આપણા અવાજ કરવાથી અડધી રાત્રે ઉઠી તો જાય, પણ એમની પત્નીના અવાજ (ઝઘડો) કરવાથી પાછા બીજી મીનીટે સુઇ પણ જાય તે શું કામનું ?

-અરે સાહેબ ! બોલોને – તમે કહો તો તમારા માટે તો જાન પણ હાજર છે.

આવું કહેનારા વિરલાઓ કોક મળી આવે છે ખરા. પણ આપણા મોંઘા ભાવના ગાદલા કાતરી ગયેલો ઉંદર પિંજરામાં પુરાયેલો મળે, તો પણ એનો જીવ લેતા આપણો જીવ ન ચાલે, તો પછી આપણા માટે જાન હાજર કરનારા ભલા માણસનો જીવ લેવાય જ શી રીતે ? ભલે ને પછી તે લાખ રીતે હાજર કરે.

કહેવાય છે કે કસોટી વિના સોનાની સાચી પરખ થઇ શકતી નથી, એવું જ માણસનું પણ છે. કામ પડ્યા વગર એ 'કામનો છે કે નકામો છે,' તેની આપણને ખબર પડતી નથી. કસોટીમાંથી પાર ઉતારેલા માણસો, કે જે ખરેખર આપણા માટે કશું કરી કરી શકવા સમર્થ છે, એવાઓના નામ અણીના સમયે યાદ નથી આવતા, અને ખોટા માણસને મદદ માટે કહેવાય જાય છે. આપણે જ ખોટા નંબરની બસમાં ચઢી ગયા હોઈએ પછી ડ્રાઈવર કે કંડકટરને દોષ આપવાથી શું વળે ?

મારા પતિના એક પ્રોફેસર મિત્ર, નામ સમીર લોખંડવાલા. અમને મદદ કરવા સદા તત્પર. પણ મદદ મેળવવામાં પણ બુધ્ધિ, લાયકાત અને આવડત જોઈએ. અમારામાં આ બધી બાબતોનો, સાચું કહું તો મદદ મેળવવાની ઈચ્છાનો જ અભાવ. જેથી અમારા બંને બારકસોને એમની મદદ વિના જ સ્કુલમાં એડમિશન અપાવેલું. જેનું એમને અતિશય ખોટું લાગેલું. (એમના કહેવાથી જ અમને આ વાતની અમને ખબર પડેલી.)

-ભાભી, બસ આવું જ ને? છેવટે તમે મને પારકો જ ગણ્યો ને ?

-એવું નથી સમીરભાઇ, તમે તો તમારા ભાઇબંધને ઓળખો જ છો ને ? એમને કોઇનું ઓબ્લીગેશન લેવું ગમે નહીં.

-એટલે તમે મને 'કોઈ' ગણો છો, બીજાની વાત જવા દો, પણ મારી મદદ લેતા અચકાવ એ તે કેવું ? મને ન ગમ્યું.

-હવે જરૂર પડશે ત્યારે તમને ચોક્કસ જ કહીશ, બસ ?

-હું એ દિવસની ઉત્સુકતા પૂર્વક રાહ જોઇશ, મારા માટે એ અહોભાગ્યનો દિવસ હશે.

મારી ફ્રેન્ડ હેમાના દીકરા દીપુને સ્કુલમાં K.G. મા એડમિશન અપાવવાની વાત આવી, ત્યારે મને સમીર લોખંડવાલા યાદ આવ્યા. મેં ઉત્સાહપૂર્વક મારા પતિ જીતુને વાત કરી, પણ એમણે એમના સ્વભાવ મુજબ આ બાબતમાં મદદ લેવાની તૈયારી કે ઉત્સાહ બતાવ્યા નહીં.

પણ હેમાના આગ્રહથી અને પ્રોફેસરના 'અહોભાગ્ય' વાળા વિધાનની યાદથી હું અને હેમા સમીરભાઈને મળવા ગયા. ભગવાનના દર્શનથી ભક્ત કૃતકૃત્ય થાય એવા ભાવ અમને જોઇને એમના ચહેરા પર પથરાયા. ખુબ જ ઉમળકાભેર એમણે અમને આવકાર્યા, બેસાડ્યા, અમારી ખુબ આનાકાની છતાં ચા-પાણી કરાવ્યા.

-બોલો ભાભી, તમારી શી સેવા કરું ?

-સમીરભાઇ, આ મારી ખાસ ફ્રેન્ડ હેમા છે. એના દીકરા દીપુને ઇંગ્લીશ મીડીયમમાં K.G. મા એડમિશન જોઇએ છે.

-મળી જશે.

-મળી જશે ? જે સરળતાથી એમણે અમને 'મળી જશે' કહ્યું, તેનાથી અમે બંને અહોભાવથી એમને જોઈ રહ્યા.

-સવાલ જ નથી, કોઈપણ સ્કુલમાં ફોર્મ ભરો, એનો ઈન્ટરવ્યુ આવે ત્યારે મને જરા ફોન કરી વિગત જણાવી દેજો.

-ઓહ ! થેન્ક્યુ... થેન્ક્યુ... સમીરભાઈ.

-એ શું બોલ્યા ? તમારો અને અમારો સંબંધ એવો છે કે તમારે મને થેંક્યુ કહેવાનું હોય જ નહિ. તમે મને સેવાનો મોકો આપ્યો એ બદલ હું ખુશ છું, તમને મદદ કરવી એ મારી ફરજ છે.

-ઓકે, તો હવે અમે રજા લઇએ ?

-ખુશીથી, ફરી જરૂર પધારજો.

હેમાએ દીપુ માટે એના ઘરની નજીકની એક સારી સ્કુલનું ફોર્મ ભર્યું, ઈન્ટરવ્યુ આવ્યો ત્યારે અમે સમીરભાઈને ફોન કર્યો. એમણે અમારી પાસેથી સ્કુલની વિગતો લઇ લીધી.

-સમીરભાઈ, દીપુને આ સ્કુલમાં એડમિશન મળી તો જશે ને? મેં કન્ફર્મ કરવા સમીરભાઈને ફોન પર પૂછ્યું.

-કોઈની દેન છે કે દીપુને એડમિશન ન આપે ? તમતમારે નચિંત થઈને ઈન્ટરવ્યુ આપી આવો, હું બેઠો છું ને ચિંતા કરવાવાળો બાર વરસનો.

'તમે બાર વરસના કઇ રીતે?' એવો સવાલ પૂછવાની મારી જિજ્ઞાસાને મેં માંડ માંડ કાબુમાં રાખી. પ્રોફેસરો તો આમેય ધૂની હોય છે, છંછેડાય ગયા તો ગયા કામથી. દીપુનો

ઈન્ટરવ્યુ સરસ ગયો. સમીરભાઈને ફરીથી ફોન કરી જણાવી દીધું, ફરીથી એમણે અમને શબ્દોથી નચિંત કર્યા. પણ રે માનવી તારું મન! રીઝલ્ટ આવ્યા વિના એમ નચિંત થાય?

અને જેની બહુ ઇન્તેજારી હતી એ રીઝલ્ટ આવ્યું, પણ અમારી ધારણાથી વિપરીત આવ્યું. એમાં દીપુનો નંબર નહોતો. અમે પહેલા તો સ્કુલમાં જ પૂછ્યું, સંચાલકોએ કહ્યું, 'ઈન્ટરવ્યુ સારો ગયો તો શું થયું ? ૧૨૦ સીટની સામે ૨૦૦૦ અરજી આવી હોય તો અમે કોને લઈએ અને કોને નહિ ?' અમને આઘાત લાગ્યો, મેં પ્રોફેસર સમીરભાઈને ફોન કર્યો,

-હલ્લો, સમીરભાઈ.

-બોલો, ભાભી સાહેબા.

-તમે કહ્યું હતું પણ દીપુને તો એડમિશન ન મળ્યું.

-દીપુ ? કોણ દીપુ?

-મારી ફ્રેન્ડ હેમાનો દીકરો દીપુ, જેના એડમિશન વિષે અમે તમને મળવા આવ્યા હતા, અને ઈન્ટરવ્યુ વખતે સ્કુલની વિગતો લખાવી હતી.

-અરે હા હા. હું કહું અને એડમિશન ન મળે એવું બને જ નહિ. હું તપાસ કરીને તમને કાલે જણાવું.

-ભલે.

હેમાએ આ દરમ્યાન બીજી ચાર પાંચ સ્કુલમાં તપાસ કરી, પણ બધે જ એડમિશન ફૂલ થઇ ગયેલા, એ તો રડવા જેવી થઇ ગઈ. સમીરભાઈ સાથે વાત થયા બાદ બે દિવસ સુધી એમનો ફોન ન આવતા મેં ફરી ફોન કર્યો, તો એમણે કહ્યું,

-સોરી ભાભી, આ વખતે ઇંગ્લીશ મીડીયમમાં K.G. મા ખુબ જ ધસારો છે. બધાને પોતાના છોકરાઓને સ્માર્ટ બનાવવા છે. મા બાપના પોતાના ઇન્ગ્લીશના ઠેકાણા નથી ને છોકરાઓને અંગ્રેજ બનાવવા નીકળ્યા છે.

-'ધેટ ઈઝ નન ઓફ યોર બીઝનેસ' એવું કહી દેવાની મારી તીવ્ર ઈચ્છાને મેં રોકીને એટલું જ પૂછ્યું,

-તો હવે અમારે શું કરવું?

-તમે કહેતા હો તો ગુજરાતી મીડીયમમાં એડમિશન અપાવી દઉં ?

-નો થેન્ક્સ સમીરભાઇ, અમે નાહકના તમને હેરાન કર્યા. મેં કટાક્ષમાં કહ્યું.

-ઇટ્સ ઓકે. ચાલ્યા કરે. બોલો મારે લાયક બીજું કોઈ કામ ?

-ના રે ના. (મારા ભોગ લાગ્યા તે મેં તમને આ કામ પણ સોંપ્યું.)

પછી તો મારા પતિ જીતુના એક ક્લાયન્ટની મદદથી દીપુને એક સારી સ્કુલમાં એડમિશન મળી ગયું અને અમે પ્રોફેસર સમીર લોખન્ડવાલા ને ભૂલી પણ ગયા. પરંતુ થોડા સમય પછી અમારા એક કોમન ફ્રેન્ડ રસ્તામાં મળી ગયા, એમણે મારા પતિને કહ્યું, 'યાર, શું કામ તું એ 'લોખંડ' ની મદદ લેવા ગયો ? તારા વિષે એ એલફેલ બોલતો હતો. કહેતો હતો - 'હાલતા ને ચાલતા લોક એડમિશન લેવા દોડી આવે છે, તે એડમિશન કઈ રસ્તામાં પડ્યા છે? મફતિયા લોકો સમજતા જ નથી કે દરેક કામના રૂપિયા લાગે છે અહીં.'

પતિદેવે મારી સામે માર્મિક દ્રષ્ટિથી જોયું, અને મેં મારા કાન પકડવાની અદા બતાવીને એમની માફી માંગી. અમને સમીરભાઈની મદદ ન મળી એનું જરાય દુઃખ નથી, એમના નસીબમાં અમને મદદ કરવાનું લખાયું નહીં હોય બીજું તો શું ? પણ વસવસો હોય તો એક જ વાતનો કે – અમને મદદ કરવાની ઉત્સુકતા પૂર્વક તેઓ જે દિવસની રાહ જોઈ રહ્યા હતા, તે 'અહોભાગ્ય' નો દિવસ એમના જીવનમાં હવે ક્યારેય નહિ આવે.

---

અનુસંધાનપેજ નં. ૨૦ થી ચાલુ

૫૧ રંજનાબેન નવિનભાઇ પંચોલી-મેરેજ એનીવર્સરી

૧૦૧ જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી તરફથી પૌત્ર પ્રનિલની બર્થડે નિમિત્તે

૧૦૧ પલક ભરતભાઇ પંચોલી-ભારતનાટયમમાં વિશારદ થયા તે નિમિત્તે

૧૦૧ હંસાબેન કિશોરભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૧૦૦ નિરૂપાબેન સુમનભાઇ મિસ્ત્રી વિદેશ પ્રવાસ નિમિત્તે

૧૦૦ કુસુમબેન શાંતિલાલ પંચોલી

૧૦૦ અલકાબેન દર્શનભાઇ પંચોલી

૧૧૧ સોનલબેન સુનિલભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૧૦૧ રીના ધર્મેશભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૫૧ સુમિત્રાબેન મોહનલાલ પંચોલી સ્વ. જતીનની પૂણ્યતિથિ નિમિત્તે

૫૧ પદમાબેન હસમુખભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

૫૧ છાયાબેન મોહનભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૫૧ નિતિક્ષા દિવ્યેશ પંચોલી-બર્થડે નિમિત્તે

૫૧ પ્રવિણાબેન ભૂપેનદ્રભાઇ ગાંધી-એનીવર્સરી

૫૧ નયનાબેન જયેશભાઇ પંચોલી-બર્થડે

૫૧ નયનાબેન જયેશભાઇ તરફથી પુત્રી ઈશિતા થર્ડયરમાં ૭૧ ટકાથી પાસ થયા તે નિમિત્તે

૫૦ અંજલીબેન પરેશભાઇ પચ્ચીગર-બર્થડે

૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી-મેરેજએનીર્વરી

# સંસ્થા સમાચાર




## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ નવસારી અને શ્રી ઉત્તમરામ ભાણાભાઇ વિલ ટ્રસ્ટની સામાન્ય સભા અને વર્ષ ૨૦૧૬-૨૦૧૭માં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી બાળકોને નવસારી સમાજમાંથી આપવામાં આવતી નોટબુક અને રોકડ સહાયનું વિતરણ તા. ૪.૬.૨૦૧૭ને રવિવારે સમાજના હોલમાં સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવ્યું હતું.

સમાજના મંત્રીશ્રી જતિનભાઇએ પ્રમુખશ્રી દિપકભાઇ મિસ્ત્રી, ટ્રસ્ટીમંડળ અને હાજર રહેલા દરેક સભ્યોનું સ્વાગત કરી આવકાર્યા હતાં. સમાજના દરેક વિદ્યાર્થી બાળકોને તેમના સર્વશ્રેષ્ઠ પરિણામ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં. સભાની શરૂઆત ઉર્વીબેનની પ્રાર્થના દ્વારા કરવામાં આવી.

ગત વર્ષમાં દિવંગત થયેલા સમાજના માજી પ્રમુખ અને ટ્રસ્ટી એવા સ્વ. દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી અને સ્વ. કાંતિભાઇ જી. મોદીની આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

પ્રમુખ શ્રી દિપકભાઇએ સામાન્ય સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સમાજના સભ્યોને સંબોધિત કર્યા હતાં. અને અગામી વર્ષમાં કરવાના કામોની ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ સમાજમાંથી આપવામાં આવતી નોટબુકોનું વિતરણ કરવા માટે પરેશભાઇ એ. પંચોલી અને શ્રીમતિ તરૂલતાબેન જે. મિસ્ત્રીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રમુખ શ્રી દિપકભાઇએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. અને શ્રી ઉત્તમરામ ભાણાભાઇ મિસ્ત્રી વિલ ટ્રસ્ટમાંથી આપવામાં આવતી રોકડ સહાય શ્રી દિપકભાઇના વરદ હસ્તે આપવામાં આવી હતી. મંત્રીશ્રી જતિનભાઇએ હાજર રહેલ સર્વેનો આભાર વ્યક્ત કરી સભાને બરખાસ્ત જાહેર કરી સર્વે સભ્યોએ અલ્પાહારને ન્યાય આપી છુટા પડ્યા હતાં..

આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.

૨૦૦ શીલાબેન એસ. મિસ્ત્રી
૨૫૦ જયંતિભાઇ જી. પંચોલી
૧૫૦ દિપકભાઇ એન. મિસ્ત્રી
૧૦૦ શાંતિલાલ એમ. મિસ્ત્રી
૫૦૧ સ્વ. દિનેશભાઇ જે મિસ્ત્રીના સ્મરણાર્થે હસ્તે પ્રતિમાબેન ડી. મિસ્ત્રી
૫૦૧ નીરૂબેન અને રજનીકાંતભાઇ આઇ. પંચોલી
૧૦૦૦ પ્રણવભાઇ એમ. પંચોલી
૧૦૧ જીતેન્દ્રભાઇ બી. મિસ્ત્રી

વર્ષ ૨૦૧૬-૧૭માં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને નોટબુક તથા રોકડ સહાય આપવામાં આવી.

| | | |
|---|---|---|
| જુ.કે.જી. | ક્રિશ હરીશભાઇ મિસ્ત્રી | |
| નર્સરી | હિતાર્થી પિયુષભાઇ પંચોલી | |
| જુ.કે.જી. | જેનિલ જીજ્ઞેશકુમાર ભરતવાલા | |
| સી.કે.જી. | રીતુ વિપુલભાઇ પંચોલી | એ+ |
| ધો.૧ | દુર્વા સુકેતુભાઇ પંચોલી | બી-૧ |
| ૨ | ઉર્વી હિતેશભાઇ મિસ્ત્રી | ૯૬.૫ |
| ૨ | નિલ જતીન મહેતા | એ |

| | | |
|---|---|---|
| | હિર દિપેશભાઇ પંચોલી | ૯૫ |
| ૩ | જાન્વી કૌશિકભાઇ મિસ્ત્રી | બી+ |
| | મુદ્રા નિકુંજભાઇ મિસ્ત્રી | ૭૯.૬૭ |
| | ઋષભ કલ્પેશભાઇ પંચોલી | |
| | નૈત્રા સુકેતુભાઇ પંચોલી | સી-૧ |
| ૪ | દિશા હિતેશભાઇ મિસ્ત્રી | ૭૨.૬૦ |
| | મહેક વિજયભાઇ મિસ્ત્રી | |
| ૫ | દર્શિત અનિષકુમાર પંચોલી | સી-૧ |
| | ક્રિશા કિરણભાઇ પંચોલી | એ+ |
| ૬ | ધ્રુવી અનિષકુમાર પંચોલી | સી-૧ |
| | વૃત્તિ શીતલભાઇ પંચોલી | ૮૦.૫૦ |
| | રૂદ્ર પ્રણવકુમાર પંચોલી | |
| ૭ | કબીર મનિષભાઇ પંચોલી | ૮૫ |
| ૮ | ઇશાન તરંગકુમાર મિસ્ત્રી | ૯૪ |
| | નૈન્સી મિતેષભાઇ પંચોલી | ૫૮ |
| | પ્રાચી કલ્પેશભાઇ પંચોલી | ૫૧.૫૭ |
| ૯ | ભુમી હેમંતભાઇ મહેતા | ૪૭.૫૭ |
| | જૈમીન પિયુષભાઇ પંચોલી | ૫૩.૭૧ |
| | વાસુદેવ કૌશિકભાઇ મિસ્ત્રી | ૪૧.૭૧ |
| ૧૦ | કુશલ કલ્પેશભાઇ પંચોલી | ૪૩.૮૩ |
| | ઝીનલ નિલેશભાઇ મિસ્ત્રી | ૮૦.૧૬ |
| | ભાવી તરંગકુમાર મિસ્ત્રી | ૭૯.૮ |
| | અવની આનંદભાઇ પંચોલી | ૮૩.૩ |
| | દીયા સમીરભાઇ પંચોલી | ૬૯.૩ |
| | મૈત્રી મિતેષભાઇ પંચોલી | ૬૯.૩ |
| ૧૧ | દ્રષ્ટિ કિરણભાઇ પંચોલી | ૬૫.૯ |
| | સ્વરા કમલેશભાઇ પંચોલી | ૬૪.૩ |

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ વર્ષ ૨૦૧૭-૧૮ની કારોબારી સભા નં. ૧નું આયોજન તા. ૩૦.૦૪.૨૦૧૭ના રવિવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે ઉપપ્રમુખ શ્રી વિશાલભાઇ કાપડીયાના નિવાસ સ્થાને મીરારોડ મુકામે રાખવામાં આવી. જેમાં કુલ્લે ૧૨ સભ્યોની હાજરી થી મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ સભાની શરૂઆત કરી હતી.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ નવા વરાયેલા પ્રમુખ શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીને અભિનંદન આપ્યા હતાં અને નવા કારોબારી સભ્યોનું સ્વાગત કર્યુ હતું.

એજન્ડા નં. ૧ : ગત કારોબારી મિટિંગ વર્ષ ૨૦૧૬-૧૭ની નં. ૭ની મિટિંગની મીનીટ્સનું વાંચન સહમંત્રી શ્રી કમલ મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ઉપપ્રમુખ શ્રી વિશાલ કાપડિયા દ્વારા કરાયેલ ચર્ચાના પ્રશ્નોના ઉત્તર અપાયા બાદ તેને સર્વાનુમતે પાસ જાહેર કરાઇ હતી.

એજન્ડા નં. ૨ : નવા કારોબારી સભ્યોની જાહેરાત તેમજ અન્ય સંચાલન સમિતીની નિમણૂંક અને રચના જેની પ્રસ્તાવના પ્રમુખશ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી દ્વારા કરવામાં આવી જે નીચે મુજબ છે.

**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈની વર્ષ ૨૦૧૭-૨૦૧૮ની કારોબારી સભ્યોની નામાવલી.**

પ્રમુખ : શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી - મીરારોડ
ઉપપ્રમુખ : શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ
ઉપપ્રમુખ : શ્રીમતિ ડિમ્પલ હિરલ કાપડિયા-અંધેરી
મંત્રી : શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ
સહમંત્રી : શ્રી કમલ ઇશ્વરલાલ મિસ્ત્રી-ખેતીવાડી
સહમંત્રી : શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ
ખજાનચી : શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી-માહીમ
સહખજાનચી : શ્રીમતિ કેતના મનિષભાઇ પંચોલી-મુંબઇ
ઓડીટર : શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી-શાંતાક્રુઝ

**કારોબારી સભ્યો :**

શ્રી ચેતન મોહનલાલ કાપડિયા-મીરારોડ
શ્રી રાકેશ નવીનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ
શ્રી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર
શ્રી હર્ષ ભાવિકકુમાર કાપડિયા-મીરારોડ
શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી-બોરીવલી
શ્રી કમલેશ ધીરજલાલ પંચોલી-મુંબઇ
શ્રી નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ
શ્રી નિશાંત મયંકભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ

શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી-મુંબઇ

શ્રી જયદીપ ગીરીશચંદ્ર ઝવેરી-મુંબઇ

**ભગીની સમાજ** પ્રમુખ : શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા-મીરારોડ

**આવિષ્કાર ગૃપ** પ્રમુખ : શ્રી નકુલ ભાવિકકુમાર કાપડિયા-મીરારોડ

**શ્રી લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટ સંચાલકો**

શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી

શ્રી વિશાલ કમલ કાપડિયા

શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી

શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી

શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી

શ્રી નિલેશ રજનીકાંત પંચોલી

**જમણવાર સમિતિ**

શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી

શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી

શ્રી કમલેશભાઇ ધીરજલાલ પંચોલી

શ્રી કમલ ઇશ્વરલાલ પંચોલી

**શ્રી પંચોલી નવયુગ-મહામંડળ પ્રકાશનનાં સંચાલકો**

શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી

શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી

શ્રી જીતેન્દ્ર ઉમેશચંદ્ર મિસ્ત્રી

શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી

શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી

**વાર્ષિક અહેવાલ તથા સરકયુલર પ્રકાશન સમિતિ**

શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી

શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા

શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી

શ્રી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી

શ્રી કૃણાલ રાજેન્દ્રભાઇ પંચોલી

**ઓર્થોરાઇઝ સીગ્નેટરી**

શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા-મીરારોડ

શ્રી મુકેશ પરમાનંદ પંચોલી-શાંતાક્રુઝ

શ્રી રાહુલભાઇ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ

શ્રી નિલેશભાઇ રજનીકાંત પંચોલી-કાંદીવલી

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રતિનિધિ**

શ્રી મુકેશભાઇ પરમાનંદ પંચોલી

શ્રી ડૉ. ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી

શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી

શ્રી જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી

શ્રી જીતેન્દ્ર ગોવિંદદાસ મિસ્ત્રી

તથા શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના તમામ કારોબારી સભ્યો.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રી દ્વારા જાણ કરવામાં આવી કે ગત સામાન્ય સભા તા. ૪.૪.૨૦૧૭માં નકકી કરાયા મુજબ બંધારણ સંચાલન સમિતીમાં બીજા અન્ય નામોની સુચી ઉમેરાવી જોઇએ. જે મુજબ નીચે પ્રમાણેની સમિતિ ફરીથી રચવામાં આવી.

**શ્રી પંચોલી સેવા સમાજ,મુંબઈ બંધારણ સંચાલન સમિતિ**

પ્રમુખ : શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી

ઉપપ્રમુખ : શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા

મંત્રી : શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી

ડૉ. શ્રી ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી

શ્રી મુકેશભાઇ પરમાનંદ પંચોલી

શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા

શ્રી નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રી

શ્રી ભરતભાઇ લલ્લુભાઇ મિસ્ત્રી

શ્રી પ્રવિણભાઇ છગનલાલ લાઇટવાલા

શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી

ઓડિટર શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી

**અંત્યેષ્ઠી યોજના સમિતી**

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓના તમામ કારોબારી સભ્યો.

**શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઈ સમિતી**

પ્રમુખ : શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા-મીરારોડ

ઉ.પ્રમુખ : શ્રીમતિ નીતા દિપક પંચોલી-વસઇરોડ

મંત્રી શ્રીમતિ ઇલાબેન રજનીકાંત પંચોલી

ખજાનચી : શ્રીમતિ કેતનાબેન મનિષ પંચોલી-મુંબઈ
સહખજાનચી : જાગૃતિબેન ચંદ્રવદન મહેતા-મુંબઈ

**કારોબારી સભ્ય :**

શ્રીમતિ મનિષાબેન ભાવિક કાપડિયા-મીરારોડ
શ્રીમતિ પ્રતિમાબેન ઉમેશચંદ્ર મિસ્ત્રી-વિરાર
શ્રીમતિ કવિતા વિજય પંચોલી-મુંબઈ
શ્રીમતિ લીના રાહુલ મિસ્ત્રી-મીરારોડ
શ્રીમતિ જાગૃતિ રાકેશ મિસ્ત્રી-મીરારોડ
શ્રીમતિ મીનાબેન કમલ કાપડિયા-મીરારોડ
શ્રીમતિ રેશ્મા કલ્પેશ પંચોલી-અંધેરી

**યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઈ સમિતિ**

પ્રમુખ : શ્રી નકુલ ભાવિકકુમાર કાપડિયા
ઉપપ્રમુખ : શ્રીમતિ ડિમ્પલ નયન મિસ્ત્રી-મીરારોડ
મંત્રી : શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી-મીરારોડ
ખજાનચી : શ્રી નિશાંત મયંકભાઈ મિસ્ત્રી-ગોરેગાંવ

**કારોબારી સભ્યો :**

શ્રી હર્ષ ભાવિકકુમાર કાપડિયા-મીરારોડ
શ્રી વત્સલ રશ્મીન મિસ્ત્રી-મુંબઈ
કુ. યેશા સંજયભાઈ મિસ્ત્રી-મીરારોડ
કુ. વૈશાખી કુમારેશ મિસ્ત્રી-મીરારોડ
કુ. રીધ્ધી કમલેશ પંચોલી - બોરીવલી
શ્રી પ્રતિક કમલેશ પંચોલી-બોરીવલી
શ્રી મયૂર કમલભાઈ કાપડિયા-મીરારોડ
શ્રીમતિ કાજલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ

**યુવા મંચ સલાહકાર**

શ્રી વિશાલ કમલભાઈ કાપડિયા-મીરારોડ
શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી-અંધેરી

**વેબ સાઈટ સમિતિ**

શ્રી વિશાલભાઈ કમલભાઈ કાપડિયા
શ્રી રાકેશભાઈ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી જીતેન્દ્રભાઈ ઉમેશચંદ્ર મિસ્ત્રી
શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી
શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
શ્રી કૃણાલ રાજેન્દ્રભાઈ પંચોલી
શ્રી જયદીપ ગીરીશચંદ્ર ઝવેરી

આ પ્રમાણે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ અને તેની સંલગ્ન સંસ્થાઓની કારોબારી સભ્યોની રચના તેમજ અન્ય સંચાલન સમિતિઓની નિમણૂંક કરવામાં આવી. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈની નવી વેબ સાઈટની સંચાલન સમિતિ માટે એક ટ્રેનિંગ પોગ્રામ રાખવો એવા સૂચનો આવ્યા હતા. અને એ સૂચનને ધ્યાનમાં લઈ અગામી મિટિંગ નં. ૨ દરમ્યાન તમામ વેબસાઈટ સંચાલન સમિતિ માટે ટ્રેનિંગ પોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

એજન્ડા નં. ૩ : શ્રી રામનવમી ઉત્સવ વર્ષ ૭૨ તા. ૪.૪.૨૦૧૭નાં હિસાબની રજુઆત અને મંજુરી જેની રજુઆત મંત્રીશ્રી પરાગભાઈએ કરી હતી તે નીચે મુજબ છે. શ્રી રામનવમી ઉત્સવ અને નવચંડી યજ્ઞ ઉત્સવ પ્રસંગે મળેલ વિવિધ ભેટ તથા વિવિધ ખર્ચાઓ દર્શાવવામાં આવ્યા હતા. ઉપરોકત હિસાબ અંગે સર્વાનુમતે મંજુરી મળતા હિસાબ પાસ જાહેર કરવામાં આવ્યો હતો.

એજેન્ડા ૪ : નોટબુક અને રોકડ વિતરણ અંગે ચર્ચા-વિચારણા અને રજુઆત જેમાં પરાગભાઈએ સભાને જાણ કરી કે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ દ્વારા આયોજીત નોટબુક તેમજ રોકડ વિતરણ કાર્યક્રમ આ વર્ષે તા. ૧૧.૦૬.૨૦૧૭ તથા તા. ૨૦.૦૮.૨૦૧૭ બન્ને રવિવારનાં દિને સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક સુધી યોજાશે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ગત વર્ષની કુલ્લે ૬૮ નોટબુકો વધી હતી અને આ વર્ષે બીજી ૩૫ ડઝન નોટબુક તૈયાર કરાવવા આપી હતી. આ વર્ષે આ કાર્યક્રમ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈની ઓફિસ 'સુવર્ણધામ' રીપેરીંગમાં ગઈ હોવાથી આ કાર્યક્રમ શ્રી નવિનભાઈ લલ્લુભાઈ મિસ્ત્રીની ઓફિસ ગોલદેવળ મુકામે રખાશે તેની જાણકારી આપી હતી. નોટબુક અને રોકડ વિતરણના કાર્ય માટે શ્રીમતિ કેતના પંચોલી, શ્રી કમલેશ પંચોલી, શ્રી કમલ મિસ્ત્રી, શ્રી વિશાલ કાપડિયા, શ્રી કૃણાલ પંચોલી તથા શ્રી પરાગ મિસ્ત્રીના નામોની નિમણૂંક કરવામાં આવી. આ વર્ષે પણ દરેક

દાતાઓને એક એક નોટબુક અર્પણ કરવી એવો નિર્ણય લેવાયો હતો. શ્રી પરાગ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ગત વર્ષ દરમ્યાન શૈક્ષણિક સહાય ફંડમાં વધારો તેમજ ઉમેરો થયો હોવાથી આ વર્ષેથી અપાતી રોકડ સહાયની રકમમાં વધારો કરાવવો જોઇએ. અને ત્યારબાદ સભામાં હાજર રહેલા સભ્યોનાં સૂચનો અને મંતવ્યો બાદ એવા નિર્ણય લેવામાં આવ્યા હતા કે અપાતી દરેક રકમમાં રૂા. ૧૦૦નો વધારો કરવો જોઇએ. જે હવેથી ધો. ૧ થી ૩ સુધી દરેક વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓની આવેલ અરજી દીઠ રૂા. ૩૦૦ થી વધારીને રૂા. ૪૦૦, ધો.૪ થી ધો. ૬ સુધીમાં આવેલ અરજીને રૂા. ૪૦૦ થી વધારીને રૂા. ૫૦૦, ધો. ૭ થી ધો. ૯ સુધીની અરજીમાં રૂા. ૬૦૦ થી વધારીને રૂા. ૭૦૦, ધો. ૧૦ થી ૧૨ સુધીની અરજીઓને રૂા. ૭૦૦ થી વધારીને રૂા. ૮૦૦ અને ધો. ૧૩ થી ૧૫ સુધી આવેલ અરજીને રૂા. ૧૫૦૦ આપવા એવા મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતાં.

એજન્ડા નં. ૫ : શ્રી પ્રમુખશ્રીની મંજુરીથી સભામાં રજુ થાય તે જેમાં સૌ પ્રથમ શ્રી કિરણભાઇ પંચોલી દ્વારા આપવામાં આવેલ માતબર દાન રૂા. ૧,૧૧,૧૧૧ના વ્યાજ વપરાશની રકમનાં પ્રસ્તાવમાં સુધારા વધારા વિશે ચર્ચા વિચારણા કરવામાં આવી.

રામનવમી ઉત્સવ પ્રસંગે અપાતી વિધવા સહાય અરજી જેમાં એક અરજી પાસ કરવાની રહી ગઇ હતી જેની નોંધ તથા મંજુરી સભા સમક્ષ દર્શાવવામાં આવી હતી. સંખેડા પંચની વાડીના ઉદ્દ્ઘાટન પ્રસંગે મળેલ આમંત્રણ અંગે ચર્ચા વિચારણા કાઇ હતી. અને અન્ય વિચારણા બાદ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તરફથી સંખેડા પંચની વાડીનાં ઉદ્દ્ઘાટન પ્રસંગે રૂા. ૧૦૦૧ની ભેટ મોકલાવી એવો નિર્ણય લેવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન યોજાનાર કાર્યક્રમની તારીખ તેમજ અન્ય ચર્ચા વિચારણા બાદ નીચે મુજબ નિર્ણયો લેવાયા હતાં.

યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇ દ્વારા ઓવર નાઇટ પીકનીક તા. ૧૫-૧૬જુલાઇ ૨૦૧૭ દરમ્યાન, શ્રી પંચોલી ભગીની સમાજ દ્વારા મહિલા ગરબા તેમજ જમણવાર તા. ૨૪.૦૯.૨૦૧૭ નાં રોજ, શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને તેની સંલગ્ન સંસ્થાઓ દ્વારા દિપોત્સવી રસોત્સવ કાર્યક્રમ ૨૦૧૭ તા. ૨૯.૧૦.૨૦૧૭ના રોજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપ દ્વારા પી.પી.એલ.-૩ ૨૦૧૭ તા. ૨૪.૧૨.૨૦૧૭ના રોજ યોજાશે. આ પ્રમાણેનાં કાર્યક્રમ આપવામાં આવ્યા છે તે મુજબ આયોજન કરવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી હતી.

ગત વર્ષની માફક આ વર્ષે પણ દિપોત્સવી રસોત્સવ કાર્યક્રમ વર્ષ ૨૦૧૭ કે.સી.કોલેજ ઓડિટોરીયમ ચર્ચગેટ મુકામે રાખવો એવા નિર્ણય લેવાયા હતાં.

ગં.સ્વ. ગીતાબેન રાજેન્દ્રકુમાર મિસ્ત્રી-અંકલેશ્વર દ્વારા મોકલવામાં આવેલ આભાર પત્રનું વાંચન સભા સમક્ષ કરવામાં આવ્યું હતું. અંતમાં પ્રમુખ શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી મીરારોડ દ્વારા સભામાં હાજરી આપવા બદલ તેમજ અગત્યના નિર્ણયો ઉપર ચર્ચા વિચારણા અને મંજુરી દર્શાવવા બદલ તમામ કારોબારી સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. સહમંત્રી શ્રી કમલભાઇ ઇશ્વરભાઇ મિસ્ત્રી અને ઉપપ્રમુખ શ્રી વિશાલભાઇ કાપડિયા તેમજ તેમનાંપરિવારજનોનાં તેઓનાં નિવાસ સ્થાને મિટિંગનું આયોજન કરાવવા બદલ તેમજ ગરમાગરમ સ્વાદિષ્ટ ચા-નાસ્તો અને આઇસક્રીમ બદલ ખૂબ ખૂબ આભાર વ્યકત કરાયો હતો અને શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ વર્ષ ૨૦૧૭-૧૮ની કારોબારી સભા નં. ૧ બરખાસ્ત જાહેર કરવામાં આવી.

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વરની વાર્ષિક મિટીંગ, બચતયોજન ગીફટ વિતરણ, મનોરંજન કાર્યક્રમનું આયોજન શ્રવણ વિદ્યાધામ અંકલેશ્વર ખાતે તા. ૪.૬.૨૦૧૭ને રવિવારના રોજ બપોરે ૪.૩૦ કલાકે યોજાયો હતો.

પ્રથમ બચત યોજનાની ગીફટ વિતરણ કરવામાં આવ્યું ત્યારબાદ મિટીંગની શુભ શરૂઆતમાં ઉપપ્રમુખ ડો. શ્રી વિસ્મયભાઇ એ પ્રથમ અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી



પરેશભાઇ અમ્રતભાઇ મિસ્ત્રી, મંત્રી શ્રી મૌલિકભાઇ મહેશભાઇ મિસ્ત્રી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મીનાબેન છગનભાઇ મિસ્ત્રી અને મંત્રી શ્રીમતિ બીનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી તથા બચત યોજનાના અધ્યક્ષશ્રી ડો. મહેશભાઇ મિસ્ત્રીને સ્ટેજ પર બિરાજવા આમંત્રણ પાઠવ્યું.

ત્યારબાદ કુ. માનસીની પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી... પ્રમુખ શ્રી પરેશભાઇ મિસ્ત્રીએ હાજર રહેલ સભ્યોને શાબ્દિક સ્વાગત દ્વારા આવકાર્યા.ડાયસ પર બિરાજેલ મહાનુભાવો તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પંચોલી નવયુગ તંત્રી દિનેશભાઇ મિસ્ત્રી, મંત્રી શ્રીમતિ ભાવનાબેન મિસ્ત્રી, તબીબી સેવા સંકુલના અધ્યક્ષ ડો. વિસ્મયભાઇ મિસ્ત્રી, મંત્રી શ્રી પારસભાઇ મિસ્ત્રી, મહિલા સંગઠનના કોઓર્ડિનેટર શ્રીમતિ શોભાબેન મિસ્ત્રીનું અગરબત્તી દ્વારા સુગંધીત સ્વાગત કર્યુ.

ડો. મહેશભાઇ મિસ્ત્રીએ વર્ષ ૨૦૧૬-૧૭ના વાર્ષિક હિસાબ અને સરવૈયુ રજુ કર્યુ.. જેને સર્વાનુમતે બહાલી આપી મંજુર કરવામાં આવ્યું. ત્યારબાદ ડો. મહેશભાઇએ બચત યોજનાના હિસાબો રજુ કર્યા જેને સર્વાનુમતે બહાલી આપી મંજુર કર્યા..

મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ મીનાબેન છગનભાઇ મિસ્ત્રીએ તથા મંત્રી બિનીતાબેને દરેક બહેનોનો સાથ સહકાર માટે આભાર વ્યકત કર્યો તથા વર્ષ દરમ્યાન કરેલ પોગ્રામોની ઝાંખી કરાવી.

અંકલેશ્વર એકમના માજીપ્રમુખ તથા તબીબી સેવા સંકુલના મંત્રી શ્રી પારસભાઇ તથા શ્રીમતિ સ્નેહાબેન પારસભાઇએ લગ્નજીવનના ૨૫ મી એનિવર્સરી નિમિત્તે પ્રમુખશ્રીએ ગીફટ આપી લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

ત્યારબાદ મનોરંજન કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો જેમાં સમાજના બાળકોએ વિવિધ કૃતિઓ કરી સૌને મનોરંજન પુરૂ પાડયું હતું... કાર્યક્રમનું આકર્ષણ એટલે મહિલા મંડળની બહેનોએ સુંદર ગરબો રજુ કરી સૌના મન જીતી લીધા.. અંતમાં સુંદર સુરૂચી ભોજનનો આસ્વાદ માણી સૌ છુટા પડયા.

આજરોજ નીચે મુજબનું દાન મળ્યુ હતું.

૧૫૦ અખિલભાઇ નિલેશભાઇ મહેતા

૨૦૨ શ્રી રમણભાઇ હરગોવિંદદાસ પંચોલી તરફથી નુતન ગુહપ્રવેશ નિમિત્તે.

૨૦૦ શ્રીમતિ સાધનાબેન તથા શ્રી હેમલભાઇ શાંતિલાલ મિસ્ત્રી તરફથી મેરેજ એનીવર્સરી નિમિત્તે..

૨૦૧ શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી તરફથી આજના પ્રસંગ નિમિત્તે..

૫૦૦ શ્રીમતિ સ્નેહાબેન તથા પારસભાઇ મનુભાઇ મિસ્ત્રી તરફથી ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે..

૨૦૧ સ્વ. શાંતાબેન નાથાલાલ મિસ્ત્રી તથા સ્વ. રાજેન્દ્રભાઇ નાથાલાલ મિસ્ત્રીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે ગં.સ્વ. ગીતાબેન રાજેન્દ્રભાઇ તથા પરિવારજનો તરફથી...

સ્વ. જેકોરબેન તથા સ્વ. વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલી ના સ્મરણાર્થે તેજસ્વી તારલાઓને ઇનામ વિતરણ માટે રૂા. ૨૨૦૦/- તેમના પરિવારજનો તરફથી મળ્યા.

## પંચોલી સમાજ-વડોદરા

રૂા. ૨૫૧/- વડોદરાના શ્રીમતિ નીરંજનાબેન તથા શ્રી પદ્માકાંતભાઇ એમ. પંચોલી તરફથી યુરોપ પ્રવાસ નિમિત્તે તથા રૂા. ૨૫૧/- તેજસ્વીની મહિલા મંડળને ભેટ આપ્યા.

**અનુકરણિય :** વડોદરાના શ્રી કંચનભાઇ પંચોલીનુ અવસાન થતા એમની ઇચ્છાનુસાર દેહદાન આપ્યુ છે. તથા એમની મરણોત્તર ક્રિયા પાછળ મોટો ખર્ચ ન કરી

અનુકરણિય કાર્ય કર્યુ છે. સમાજના વિદ્યાર્થીઓ માટે વખતો વખત દાન પણ આપ્યું છે. મરણોત્તર ક્રિયાની રકમ સારા કાર્યોમાં વપરાય એવી એમની ભાવનાને કોટી કોટી વંદન...ગં.સ્વ. લીલાબેન કે. પંચોલી તથા શ્રી હરેશભાઇ કે. પંચોલી તથા સોહિલ એમ. પંચોલી દ્વારા સદ્‌ગતની ઇચ્છાનુસાર દેહદાન કરી સમાજ માટે અનુકરણિય પગલું લેવામાં આવ્યું છે.

રૂા. ૫,૦૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ પુષ્પાબેન બાબુભાઇ મપારા તરફથી સ્વ. બાબુભાઇના સ્મરણાર્થે નોટબુક વિતરણ માટે દાન આપ્યું છે..

૫૦૦ વડોદરા નિવાસી શ્રી ગીરીશભાઇ એમ. પંચોલી તરફથી શૈક્ષણિક ફંડમાં દાન મળ્યું છે...

દાતાઓનો ખૂબ ખૂબ આભાર...

## પંચોલી સમાજ-વ્યારા

શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮.૫.૨૦૧૭ને રવિવારના રોજ સાંજે ૫ કલાકે પંચોલી જ્ઞાતિ સમાજની વાડીમાં મળી હતી. સામાન્ય સભાની શરૂઆત મંત્રીશ્રી દિવ્યેશભાઇએ રાષ્ટ્રગાનથી ૪૦૦ જ્ઞાતિજનો એ સૌ સાથે મળીને કરી

વર્ષ દરમ્યાન અવસાન પામેલ દિવંગત આત્માઓમાં સ્વ. તારાબેન વિનોદચંદ્ર પંચોલી, સ્વ. નંદુબેન છગનલાલ પંચોલી, સ્વ. મહેન્દ્રભાઇ કાળીદાસ પંચોલી, સ્વ. મહેશભાઇ ધીરજલાલ પંચોલી, સ્વ. વજુભાઇ મણીલાલ પંચોલી, સ્વ. કાંતાબેન કાંતિલાલ પંચોલીને શ્રદ્ધાંજલી આપવા માટે બે મિનિટ મૌન પાડ્યું.

વર્ષ દરમ્યાનના હિસાબો મંત્રીશ્રી દિવ્યેશભાઇ પંચોલીએ રજુ કર્યા. તથા વર્ષ દરમ્યાન થયેલી કામગીરીની માહિતી સૌને આપી. સવિશેષ ઉલ્લેખ કરવાનો કે શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા દ્વારા સમાજના નિરાધાર વ્યકિતઓ માટે ત્રણ ગાળાનું મકાન નિર્માણ કરો. હજૂ નવિની કરણ ગત વર્ષમાં થયું આની માહિતી સૌને આપી.

વર્ષ દરમ્યાન વ્યારા પંચોલી સમાજના જ્ઞાતિજનો માટે
મેડીકલ સહાય રૂા. ૬૫,૬૭૯.૦૦/-
શૈક્ષણિક સહાય રૂા. ૨,૩૩,૫૪૯.૦૦/-
સામાજિક સહાય રૂા. ૧,૫૨,૦૧૧.૦૦/-
સાંસ્કૃતિક સહાય રૂા. ૧૬,૪૬૦.૦૦
આપવામાં આવી.

વ્યારા પંચોલી સમાજના પ્રમુખ શ્રી હિતેશભાઇ ગાંધીએ સભા સમક્ષ પ્રાસંગીક પ્રવચન કર્યુ. અત્રે નોંધનીય છે કે વ્યારા સમાજના જ્ઞાતિજનને દવાના ૨૫ ટકા રાહત સમાજ તરફથી આપવામાં આવે છે..

સામાન્ય સભામાં ગં.સ્વ. જયાબેન અમૃતલાલ મિસ્ત્રી તરફથી સ્વ. અમ્રતલાલ મગનલાલ મિસ્ત્રીના સ્મરણાર્થે રૂા. ૨૫,૦૦૦/- શૈક્ષણિક સહાય માટે દાન મળ્યું છે..

સ્વ. સવિતાબેન અમ્રતલાલ ગણપતલાલ પંચોલીના સ્મરણાર્થે શ્રી બિપીનભાઇ તથા રાજેશભાઇ અમ્રતલાલ પંચોલી તરફથી ફોટો સ્કીમ માટે રૂા. ૧૫,૦૦૦/-નું દાન મળ્યું.

શ્રી રામુભાઇ નાથુભાઇ પંચોલી તરફથી તેમના ધર્મપત્ની શ્રીમતી પદમાબેન રામુભાઇ પંચોલીના ફોટા સ્કીમ માટે રૂા. ૭,૫૦૦/-નું દાન મળ્યું.

શ્રીમતિ દક્ષાબેન મહેશભાઇ પંચોલી તરફથી સ્વ. તારાબેન મહેશભાઇ પંચોલીના સ્મરણાર્થે રૂા. ૫,૦૦૦/-નું શૈક્ષણિક સહાય માટે દાન મળ્યું હતું.

૨૫૦/- શાંતિલાલ છગનલાલ પંચોલી તરફથી ચિ. વત્સલના માનમાં આપ્યા.

મંત્રીશ્રી દિવ્યેશભાઇએ વર્ષ દરમ્યાન દરેક કાર્યમાં સહકાર આપનાર રસોડા સમિતિના અધ્યક્ષ શ્રી હર્ષવદનભાઇ મિસ્ત્રી, બાંધકામ સમિતિના અધ્યક્ષ શ્રી મનિષભાઇ પંચોલી, પ્રવાસ સમિતિના અધ્યક્ષ શ્રી ભદ્રેશભાઇ મિસ્ત્રી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ આનંદીબેન ભરતભાઇ પંચોલી તથા રમતગમત

સમિતિના અધ્યક્ષશ્રી સનતભાઇ રામુભાઇ પંચોલી તથા તમામ કારોબારી સભ્યો, પ્રગતિ મહિલા મંડળના હોદ્દેદારો તથા સ્વર યુથના હોદ્દેદારોનો તથા ખડે પગે કાર્યરત એવા સમાજના મેનેજર શ્રી વિજયભાઇ એસ. ગાંધીનો આભાર માન્યો અંતમાં સૌ જ્ઞાતિજનોએ સ્વાદિષ્ટ ભોજનની મઝા માણી છુટા પડયા.

## પંચોલી સમાજ-ચલામલી



ગુગલ ગાઇડ સમિટ અમેરીકામાં દુનિયાભરમાંથી માજી ૧૫૦ યુવાનોની પસંદગી અને તેમાં પણ ભારતના બે યુવાનો પૈકી એક એવા ચલામલીના સ્વ. મદનલાલ નાનાલાલ પંચોલીના પૌત્ર ચિ દીપ દિનેશભાઇ (દીકેશભાઇ)પંચોલીની ગુગલ ગાઇડ સમિટમાં પસંદગી થઇ છે. ચિ. દીપે ગુગલ ગાઇડ સમિટ માટે પાંચ લેવલ અને ૧૫૦૦માંથી ૧૪૫૩ પોઇન્ટ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. અને તે માટે ગુગલ તરફથી તા. ૧૦ થી ૧૨ ઓકટોબર-૨૦૧૭માં યોજેલ સમિટમાં ભાગ લેવા અમેરીકાના સાનફ્રાન્સીસકો જશે.

ચિ. દીપની ઉપરોકત સિદ્ધિથી ભારતદેશનું, ગુજરાતનું ચલામલી ગામનું, એમના કુટુંબીજનોનું અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે... એ બદલ ચલામલી એકમ તથા સમગ્ર પંચોલી સમાજ ઉત્તરોત્તર પ્રગતિની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

## પંચોલી સેવા સમાજ-મુંબઈ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા અપાતી રોકડ સહાય તેમજ નોટબુક વિતરણનો બીજો કાર્યક્રમ તા. ૨૦ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ સવારે ૯.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક સુધી વિતરણ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

સ્થળ : હિરા કેમીકલ્સ, ૧૫૩/૧૦. એસ.વી.પી.રોડ, ઈસ્માઇલ બાગ, ગ્રાઉન્ડ ફલોર, ગોળદેવળ પાસે મુંબઇ-૪૦૦૦૦૪ (નવિનચંદ્ર લલ્લુભાઇ મિસ્ત્રીની ઓફિસ)

## પંચોલી સમાજ-સંખેડા

પાલ વિભાગ સંખેડાની નવનિર્મિતવાડીનું વાસ્તુ પૂજન તા. ૧૭.૦૫.૨૦૧૭ના રોજ રંગેચંગે સંપન્ન થયું. વાસ્તુ પૂજનમાં પાલ વિભાગ તથા બીજા એકમોના જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં. ચાંદોદ વિદ્વાન સંતો અને સંખેડાના જ્ઞાતિગોર ના વૈદિક મંત્રોચ્ચાર સાથે વિધિ શરૂ થઇ હતી. અને સાંજે ૬ કલાકે શ્રીફળ હોમીને પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. વાસ્તુ પૂજન યજમાન તરીકે ૪ યજમાનો બેઠા હતાં.

સમગ્ર કાર્યમાં સંખેડાના યુવાન ભાઇ-બહેનો તથા વડિલોએ સારી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વાડીના ભગીરથ કાર્યમાં પાલવિભાગ, યુ.કે. તથા મહામંડળના એકમોના સાથ સહકારથી આ ભગીરગ કાર્ય સંપૂર્ણ થયું છે. આ કાર્યમાં તન, મન અને ધનથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ સહકાર આપનાર નામી - અનામી સૌનો અંતઃપૂર્વક આભાર માનીએ છીએ..

## સ્વયં ગ્રુપ - સુરત



સ્વયં ગ્રુપ સુરત દ્વારા તા. ૧૮.૦૬.૨૦૧૬ના રોજ હાફ ડે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વયં સુરતના ૩૦ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અને સ્થળ હતું સુરતથી ૨૫ કિ.મી. દુર આવેલ ડભારી

બીચ..સવારે ૭.૦૦ કલાકે સૌ ભેગા મળી પિકનિકની શરૂઆત કરી અને બરાબર ૮.૩૦ કલાકે બીચ પર પહોંચ્યા..સુંદર શાંત અને સ્વચ્છ દરિયામાં નહાવાની, સ્વીમીંગની મઝા માણી.. ત્યારબાદ ક્રિકેટ પણ રમ્યા.. ખૂબ જ આનંદ સાથે મઝા માણી ૧૧.૩૦ કલાકે પરત ફર્યા વચ્ચે સેવ ખમણીનો નાસ્તો કરી સૌ પ્રવાસની યાદો વાગોળતા છુટા પડયા.

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૧૫.૦૭.૨૦૧૭ના રોજ જ્યોત્સનાબેન પંચોલી-માંજલપુર વડોદરાના નિવાસ સ્થાને મળી. જ્યોત્સનાબેને સર્વેને ભાવપૂર્વક આમંત્ર્યા અને કુટીથી સૌનું સ્વાગત કર્યુ. મિટિંગની શરૂઆત ગણેશજીની પ્રાર્થનાથી કરવામાં આવી. આજનો કોડ ડ્રેસ વેસ્ટર્ન રાખવામાં આવ્યો હતો. મંત્રી સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. લકી ડ્રોમાં નિકુંજબેન લકી બન્યા. સમાજના નામી-અનામી મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી. વન મિનિટ ગેમ રમ્યા. જેમાં પ્રથમ વિજેતા સપનાબેન અને દ્વિતીય વિજેતા લીનાબેન થયા. બીજી રમતમાં પ્રથમ આનંદીબેન અને દ્વિતીય સુરેખાબેન વિજેતા થયા. મોનસુન સીઝન હોવાથી સ્વીટકોર્ન સાથે માઝાની મોજ માણી.

સુરેખાબેને સીઝનના નવા અથાણાંની વેરાયટી અને રેસીપી સાથે લાવવા જણાવ્યું હતું જેમાં પ્રથમ આનંદીબેન અને દ્વિતીય શીલાબેન વિજેતા થયા જેના ઈનામો સુરેખાબેન તરફથી આપવામાં આવ્યા. અંતમાં સુંદર ભોજન સાથે વિવિધ અથાણાના ટેસ્ટ સાથે જમવાનો આનંદ માણ્યો. હવે પછીની મિટિંગ જ્યોતિબેન એસ.ના નિવાસ સ્થાને રાખવાનું નક્કી કરવામાં આવ્યું. અંતમાં જ્યોત્સનાબેનનો આભાર વ્યકત કરી સૌ છુટા પડયા.

રૂા. ૨૫૧/- શ્રીમતિ નીરંજનાબેન તથા શ્રી પદ્માકાંતભાઇ એમ. પંચોલી યુરોપ પ્રવાસે જનાર હોય તે નિમિત્તે.

૧૦૦ નાની હર્ષાબેન તરફથી ચિ. ભવ્યના શાળા પ્રવેશ નિમિત્તે.

૧૫૧ લીનાબેન ભરતભાઇ પંચોલી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે.

૧૦૦ પ્રિતિ જય તરફથી જુગલની વર્ષગાંઠ નિમિત્તે..

## પંચોલી મહિલા મંડળ, અંકલેશ્વર

શ્રી પંચોલી મહિલા મંડળની એક મિટિંગ તા. ૧૦.૦૭.૨૦૧૭ના રોજ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી (નિરાંતનગર) ખાતે મળી હતી.

સમૂહ પ્રાર્થના થી મિટિંગની શરૂઆત કરવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ મંત્રી શ્રીમતિ બિનીતાબેને વાંચી સંભળાવ્યો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી ગીફટ આપી શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષ ઉપરમાં અનુરાધાબેન અને ૫૦ વર્ષથી નીચેનામાં બિનીતાબેન અને નીતાબેન વિજેતા બન્યા. આગામી મિટિંગ નીતાબેન રાજેશભાઇ પંચોલી-એપેક્ષ ટેલરને ત્યાં તા. ૮.૭.૨૦૧૭ના રોજ રાખવામાં આવી છે અને ગૌરી વ્રત નિમિત્તે મહેંદી હરીફાઇ રાખવાનું નકકી કરવામાં આવ્યું.

૧૫૧ ખુશ્બુ વિસ્મયભાઇ મિસ્ત્રી તરફથી પોતાની બર્થડે તથા ચિ. ધ્યાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

૫૧ સંગીતાબેન રમણભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે.

૫૦ સોનલબેન મનોજભાઇ પંચોલી તરફથી એનીવર્સરી નિમિત્તે

૫૦ સોનલબેન મનોજભાઇ પંચોલી તરફથી સ્વ. મંજુલાબેનની તૃતીય પૂણ્યતિથિ નિમિત્તે.

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

પ્રગતિ મહિલા મંડળ વ્યારાની વાર્ષિક મિટિંગ તા. ૧૮.૦૭.૨૦૧૭ના રોજ પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. વાર્ષિક મિટિંગની શરૂઆત મંત્રી શ્રીમતિ રીનલબેને કરી. પ્રમુખ શ્રીમતિ બેલાબેને સૌને આવકાર્યા. આજના કાર્યક્રમના અધ્યક્ષા માનનીય સુમિત્રાબેન મોહનલાલ પંચોલી તથા અતિથિ વિશેષ શ્રીમતિ ચંદ્રકલાબેન

ચંદ્રકાંતભાઇ પંચોલીને ડાયસ પર આવકાર્યા સાથે સમાજના ટ્રસ્ટીશ્રીઓ, મહામંડળના હોદ્દેદારો, સમાજના હોદ્દેદારો, મહિલા સંગઠનના અધ્યક્ષા, સ્વર યુથના હોદ્દેદારોનું સ્વાગત કરી પુષ્પગુચ્છથી સન્માન્યા. વર્ષ દરમ્યાન કરેલ પોગ્રામની ઝાંખી પ્રમુખ શ્રીમતિ બેલાબેને આપી. વર્ષ ૨૦૧૬-૧૭ના હિસાબો ખજાનચી શ્રીમતિ રંજનાબેને રજુ કર્યા જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. ચાલુ માસમાં આવતી બહેનોની બર્થડે-એનીવર્સરી વીશ કરવામાં આવી. બેલાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેમાં નિશાબેન રાજેશભાઇ પંચોલી વિજેતા થયા. રંજનાબેન અને રીનલબેને હાઉસી ગેમ રમાડી જેના વિજેતા પ્રથમ રો - એનિકા સમીરભાઇ, બીજી રો ઉષાબેન સુરેશભાઇ, ત્રીજી રો - જ્યોતિબેન પરેશભાઇ અને ફુલ હાઉસી જયશ્રીબેન સનતભાઇ થયા. વર્ષ દરમ્યાન થયેલ સ્પર્ધાના ઇનામોનું વિતરણ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું. આજના અધ્યક્ષા તેમજ અતિથિવિશેષશ્રીને સ્મૃતિ ભેટ આપી સન્માન્યા. પ્રમુખશ્રી બેલાબેને પ્રગતિ મહિલા મંડળની પ્રગતિમાં વિશિષ્ટ ફાળો આપવા બદલ તેને સ્મૃતિભેટ આપી આભાર વ્યકત કર્યો.. બેલાબેને એના પ્રત્યુત્તરમાં એમના પ્રમુખપદ દરમ્યાન સાથ સહકાર આપનાર સભ્યશ્રીઓ તથા મહિલાસભ્યોનો આભાર વ્યકત કર્યો હતો.. તેમજ નવા આવનાર પ્રમુખ શ્રીમતિ પારૂલબેનને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. મહિલા મંડળની બહેનોને લ્હાણી આપી હતી. વિજયભાઇ ગાંધી પ્રગતિ મહિલા મંડળની દરેક કામગીરીમાં સહાયરૂપ થાય છે... એમને પણ સ્મૃતિભેટ આપી સન્માન્યા.

ડો. પ્રિયા મનિષભાઇ પંચોલી-BHMS ફસ્ટ કલાસ પાસ થયા, કુ. પલક ભરતભાઇ પંચોલી ભારતનાટયમ્‌ની વિશારદની પરિક્ષામાં ઉત્તિર્ણ થયા એ બદલ બન્ને દિકરીઓનું અભિવાદન કરી શુભેચ્છાઓ પાઠવી. હર્ષિત રાકેશભાઇ ગાંધી કેનેડામાં P.R. થયા. મેઘા રાકેશભાઇ ગાંધી MBAમાં ફસ્ટ કલાસ પાસ થાયા. કુ. માનસી ભૂપેન્દ્રભાઇ ગાંધી M.TECH માં ડિસ્ટીકશન સાથે ઉત્તિર્ણ થયા. તેમને પણ શુભેચ્છાઓ પાઠવી.

નવા પ્રમુખ તરીકે શ્રીમતિ પારૂલબેન ગાંધી અને સહમંત્રી તરીકે પ્રિયંકાબેન અંકિતભાઇ પંચોલીની નિમણૂંક કરવામાં આવી.

ઉપપ્રમુખ - રીનલબેન જીગ્નેશભાઇ પંચોલી

મંત્રી-હેતલબેન ધવલભાઇ પંચોલી

ની નિમણૂંક કરવામાં આવી. આગામી મિટિંગ તા. ૨.૭.૨૦૧૭ના રોજ કેટવોકની સ્પર્ધા સાથે રાખવાનું નકકી કરવામાં આવ્યું અંતે પ્રિતીભોજન કરી છુટા પડયા.

૧૫૫૧ ચંદ્રકલાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી-અતિથિવિશેષ

૫૨૫ ચંદ્રકલાબેન તરફથી સ્વ. તેજલ કમલેશ મિસ્ત્રી ની બીજી પૂણ્યતિથિ નિમિત્તે

૧૧૧૧ માનનીય સુમિત્રાબેન મોહનલાલ પંચોલી અધ્યક્ષ સ્થાનેથી

૫૦૧ ૨૫મી મેરેજ એનીવર્સરી નિમિત્તે તથા

૫૦૧ કુ. પ્રિયા BHMSમાં પાસ થઇ તે નિમિત્તે બેલાબેન મનિષભાઇ પંચોલી તરફથી

૫૦૧ મંજુલાબેન દિનેશભાઇ પંચોલી તરફથી સ્વ. જતીનની ત્રીજી પૂણ્યતિથિ નિમિત્તે

૫૦૧ રીટાબેન રાકેશભાઇ ગાંધી કુ. મેઘા MBA થયા તેમજ મુંબઇ જોબ મળી તે નિમિત્તે

૨૫૧ પારૂલબેન હિતેષભાઇ ગાંધી તરફથી પુત્ર હર્ષિલ કેનેડામાં PR થયા તે નિમિત્તે

૨૫૧ આનંદીબેન ભરતભાઇ પંચોલી પુત્રી ભારતનાટયમમાં વિશારદ થઇ તે નિમિત્તે

૨૫૧ દક્ષાબેન મહેશભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે

૨૫૧ નયનાબેન હર્ષદભાઇ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

૩૫૧ પ્રવિણાબેન ગાંધીની પુત્રી માનસી ભુપેન્દ્રભાઇ M.TECH ડિસ્ટીકશન સાથે પાસ થયા અને ઇન્ટાસ કંપનીમાં જોબ મળી તે નિમિત્તે.

૧૫૧ જ્યોતિબેન પરેશભાઇ પંચોલી તરફથી સ્વ. પરમાનંદભાઇ જી. પંચોલીની ૪૮મી પૂણ્યતિથિ નિમિત્તે

૧૫૧ નયનાબેન હર્ષદભાઇ પંચોલી - સ્વ. જયાબેન પરમાનંદભાઇ પંચોલીની છઠ્ઠી પૂણ્યતિથિ નિમિત્તે

૨૫૦ દક્ષાબેન નિતિનભાઇ ગાંધી(નાના-નાની) તરફથી દોહિત્ર સૌમ્ય વિલિસ ચોકસીની પ્રથમ બર્થડે નિમિત્ત

૧૦૧ દક્ષાબેન નિતિનભાઇ ગાંધી-એનીવર્સરી નિમિત્તે

૧૦૦ નવિનભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી

૧૦૦ તેજ નવિનભાઇ પંચોલી

અનુસંધાનપેજ નં. ૧૦ પર

નવયુગ શુભેચિંતક શ્રીગજેન્દ્રભાઇવલ્લભભાઇમપારા વડોદરા શ્રીકમલેશભાઇમણીલાલપંચોલી વડોદરા

# હેપી મેરેજ એનીવર્સરી



રાજપીપલા (ભરૂચ) નિવાસી શ્રીમતિ જ્યોતિષબેન તથા શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી એ તા. ૦૨.૦૬.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૫૦ સુવર્ણ વર્ષ પૂર્ણ કર્યા..

સમગ્ર પંચોલી સમાજ લગ્નજીવનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

લગ્નની સુવર્ણ જયંતિ પ્રસંગે પંચોલી નવયુગને રૂા. ૧,૦૦૧નું દાન મળ્યુ છે.... આભાર..

## સ્વર્ણિમફંડ



રાજપીપલા નિવાસી સ્વ. રમણબેન જયંતિલાલ મપારા તથા સ્વ. જયંતિલાલ અંબાલાલ મપારાના સ્મરણાર્થે એમના પરિવારજનો તરફથી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સ્વર્ણિમફંડમા એક વર્ષના રૂા. ૩૦૦૧/- લેખે પાંચ વર્ષના રૂા. ૧૫,૦૦૫ ભેટ આપ્યા છે.

દાતાશ્રીનો ખૂબ ખૂબ આભાર......

## દેવના દિધેલ



સુરત નિવાસી અંકિત(સાગર) મુકેશભાઇ પંચોલીને ત્યાં પુત્રીરત્ન 'ચિ. પહલ' નો જન્મ તા. ૪.૬.૨૦૧૭ના રોજ થયો... માતા : અમીબેન

# એકવાર જાવુ હરિના ધામમાં



સુરત(રાજપીપલા) નિવાસી શ્રી પદ્માકાંત ગણપતલાલ પંચોલી તા. ૭.૬.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૭૭



સુરત નિવાસી શાંતાબેન જયંતિલાલ પંચોલી તા. ૨૧.૦૫.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.



વડોદરા નિવાસી શ્રી ઇશ્વરલાલ છગનલાલ પંચોલી તા. ૭.૬.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૮૦



વડોદરા(ભાટપુર) નિવાસી કંચનલાલ પિતાંબરદાસ પંચોલી (દેહદાતા) તા. ૩.૬.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા.

મુંબઇ(કેમ્પ્સકોર્નર) નિવાસી શ્રી મહેશભાઇ જયંતિભાઇ મિસ્ત્રી તા. ૩.૬.૨૦૧૭ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૧

## હેપી બર્થડે......



ચિ. આરૂષ જનકેશભાઇ પંચોલી-અંકલેશ્વર તા. ૧૯.૦૭.૨૦૧૪



ચિ.જેસિકા વિમલકુમાર પંચોલી-યુ.એસ.એ. તા. ૨૦.૦૬.૨૦૧૬

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૦૧/- રાજપીપલા (ભરૂચ) નિવાસી શ્રીમતિ જયોતિષબેન તથા શ્રી ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી એ તા. ૦૨.૦૬.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૫૦ સુવર્ણ વર્ષ પૂર્ણ કર્યા..તે નિમિત્તે પરિવારજનો તરફથી

રૂા. ૧૦૧/- અંકલેશ્વર નિવાસી શ્રી જનકેશકુમાર રતિલાલ પંચોલી તરફથી ચિ. આરૂષની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૩૦૧/- ચલામલી નિવાસી શ્રી દિનેશભાઇ મદનભાઇ પંચોલી તરફથી એમનો પુત્ર ચિ. દીપ ગુગલ ગાઇડ સમિટમા પસંદગી પામવા બદલ તથા સુનિલકુમાર મદનલાલ પંચોલી તરફથી એમના સુપુત્ર ચિ. હેત એસ.એસ.સી.માં ૯૦.૪૦ પર્સટાઇલથી ઉત્તિર્ણ થયા તે નિમિત્તે.

## ચતુર્થ પૂણ્યતિથિએ હૃદયાંજલી



**સ્વ. નંદકિશોર ચીમનલાલ પંચોલી**

જન્મ : ૨૫.૦૧.૧૯૫૭ સ્વર્ગવાસ : તા. ૨૩.૦૭.૨૦13

અષાઢ સુદ એકમ

**અર્પણકર્તા**

ગં.સ્વ. હંસાબેન નંદકિશોરભાઇ પંચોલી

ચિ. સ્નેહા નંદકિશોરભાઇ પંચોલી

ચિ. ચૈતાલી નંદકિશોરભાઇ પંચોલી

૩૯, સંધ્યાવંદન સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત

મો. : ૯૩૭૫૧ ૦૧૮૩૬/૯૫૧૦૮૮૯૮૫૨

નવયુગ શુભેચ્છિંતક શ્રીમુંકુંદલાલહિરાલાલપંચોલી વડોદરા શ્રીબાબુલાલરામદાસમપારા વડોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**